સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

વિદ્વાન અર્થશાસ્ત્રીઓને બકરી બનાવી દીધા!
ગીરની શાન ડાલમથાને શ્વાન બનાવી દીધા!
બનાવી દીધા ચમચા પૂંછપટાવતા નેતાને -
ને ગૌરવંવતાં પદોને ગુલામ બનાવી દીધા...

હાઈકુ

નોટબંધીના
માંડ રૂઝેલા ઘાવે
મૂકશે કાપો !
(સ્ટૅંપ ડ્યુટી)

આંખ મીંચીને
દોડે દિશા વગર
જેટલી જેટ
(આંધળુકિયાં)

ચિંતન

શૂરોસિ કૃતવિદ્યોસિ દર્શનીયોસિ પુત્રક ।
યસ્મિન્કુલે તુ જાતસત્વં ગજસ્તત્ર ન હન્યતે ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્ય નીતિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

હે પુત્ર, તુ વીરે છે, કર્તુવ્યવાન છે, સુંદર પણ છે પરંતુ સત્ય વાત તો એ છે કે જે કુળમાં તે જન્મ લીધો છે તે કુળમાં હાથી હણાતા નથી.

સિંહના સંતાનોની વચ્ચે ઉછરેલું ઘેટાનું બચ્ચું પોતાને અત્યંય વીર, કર્તુત્વવાન અને સુંદર માનતું હતું. સિંહના બચ્ચા પણ પોતાના મોટા ભાઈ માની તેને માન આપતા હતા. એકવાર તેમની સામે હાથી આવી ગયો. પોતાની કુળ પરંપરા પ્રમાણે સિંહનાં બચ્ચા તેની પર તૂટી પડવા તૈયાર થઈ ગયો, ત્યારે તેમનો આ મોટોભાઈ તેમને રોકવાનો પ્રયાસ કરતો રહ્યો પરંતુ બચ્ચાં તેમની વાત સાંભળતાં નહોતા, તેમને સિંહણને એટલે કે પોતાની માતાને ફરિયાદ કરી. આથી સિંહણે ઉપરોક્ત વાત કરી કે બધી રીતે યોગ્ય હોવા છતાં તું હાથીનો શિકાર નહીં કરી શકે કારણ કે જે કુળમાં તે જન્મ લીધો છે ત્યાં હાથીનો શિકાર કરવાની પરંપરા નથી.

આ વાત પ્રાશ્ચાત્ય દેશોને બરાબર લાગુ પડે છે. બધા પ્રકારનું ભૌતિક સામર્થ્ય પ્રાપ્ત કર્યા પછી પણ તે દેશો ભારત જેવો ઉત્તમ આધ્યાત્મિક ગુણો પ્રકટ કરી શકતા નથી કારણ કે એમમ કરવાની તેમની કુળ પરંપરા નથી.

સુવિચાર

- જ્ઞાન કોનું નામ કે અજ્ઞાન ઊભું એંથાય તેની તરત ખબર પડે, તે જેણે જાણ્યું એનું નામ જ 'જ્ઞાન' - **દાદા ભગવાન**
- જેટલો વ્યવહાર આદર્શ થતો જાય, તેટલી સમાધિ વધતી જાય - **આપ્તસૂત્ર**
- ઋણ સૌથી નીચા પ્રકારની ગરીબી છે - **અફઘાન કહેવત**
- જયારે માણસ સારા દેખાવનો દંભ કરે છે ત્યારે તે પોતાના સૌથી ખરાબ સ્વરુપમાં હોય છે - **સાઈરસ**
- સખત મહેનતથી દરેક વસ્તુ પર વિજય શક્ય છે - **અખંડ આનંદ**
- ધન એક છઠ્ઠી ઈન્દ્રિય જેવું છે, જેના વિના આપ અન્ય પાંચ ઈન્દ્રિયોનો ઉપયોગ કરી શકતા નથી - **સમરસેટ મોમ**
- આજનું ઔષધ : સફેદ ચણોઠીના પાન ચાવીને ખાવાથી ઉધરસ શાંત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં ડાઈવોર્સ માતા તેના એક દસ વર્ષના દીકરા સાથે રહેતી હતી. માતાને રોજ સવારે આઠથી સાંજે છ વાગ્યા સુધી નોકરી પર જવું પડે અને બાળળ કુસંગે ચડી ગયો હતો. એક વાર માતાને દીકરાના પેન્ટના ખિસ્સામાંથી ચાકુ મળ્યું. માતાને આઘાત લાગ્યો. પણ માતાએ મનોમન નક્કી કર્યું કે હું ખૂબ પ્રેમથી દીકરા સાથે વાત કરીશ. માતાએ એક રવિવારે બાળકને પૂછ્યું, 'બેટા, તું આપણી ગલીના નાકા ઉપર જે ડૉકટર ઉપર જે ડૉકટર જહોન રહે છે તેને તું ઓળખે છે ?' દીકરાએ કહ્યું, 'હા, તેઓ ખુબ પ્રતિષ્ઠિત અને મોભાદાર, પૈસાદાર ડૉકટર છે.' આ વાતચીત વખતે પણ દીકરાના ખિસ્સામાં ચાકુ હતું. માતાએ કહ્યું, 'તે ડૉકટર ચાકુનો ખૂબ સારો ઉપયોગ કરે કરે છે.' માતાએ કહ્યું, 'એ ડૉકટર જેવી ઉત્તમ વ્યક્તિ મને દેખાતી નથી. જો તું પણ તારા ચાકુનો સકારાત્મક ઉપયોગ કરે તો તું પણ એમની જેમ પ્રતિષ્ઠિત અને પૈસાદાર અને મોભાદાર વ્યક્તિ બની શકે છે.' પુત્રએ પૂછ્યું, 'એવી કેવી રીતે શક્ય બને ?' માતાએ કહ્યું, 'બેટા, એ ડૉકટર જે ચપ્પુ વાપરે છે તેનાથી લોકોના દુઃખ દર્દ દૂર થાય છે, તેઓ સર્જરી કરે છે. એવું તું ભણે તો તું પણ તારા ચાકુનો ઉપયોગ એવો કરી શકે છે. કે જેથી દુનિયા તારા પર ગર્વ અનુભવે.' માતાએ એને ચાકુ ચલાવવાની રીત શીખવાડી. આ વાતની બાળકને હૃદય સોંસરવી ઉતરી ગઈ. એણે ખૂબ મહેનત કરી ભણ્યો અને ડૉકટર થયો. અત્યારે તેઓ જહોન હોપકીન્સ ઈન્સ્ટીટયુટના બાળકોની સર્જરીના પ્રથમ સર્જક તથા વડા છે. જેમનું નામ ડૉ. બેને કાર્સન. તેઓ વિશ્વમાં બાળકોની સર્જરી કરનારા સૌથી ખ્યાતનામ ડૉકટર માંના એક છે.

પત્રકારની હત્યાના મુદ્દે અમેરિકાની લાલ આંખ

તંત્રીસ્થાનેથી...

અમેરિકામાં રહેતા સાઉદી અરેબિયાના લેખક પત્રકાર ખાગોશીનું એકાએક ઈસ્તંબુલની સાઉદી અરેબિયાની કોન્સ્યુલેટમાંથી ગુમ થઈ જવું એ રહસ્યમય ઘટના બની રહેલ છે અને 'વૉશિંગ્ટન પોસ્ટ' જેવા પ્રતિષ્ઠિત સામયિકના કટારલેખક હોઈ પત્રકાર જગત આ મુદ્દે ખૂબ જ રોષમાં છે. અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ માટે પણ આ મુદ્દો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. સાઉદી અરેબિયાના રાજા સલમાન વિશે સતત ટીકાત્મક લખાણો લખતા રહેનાર લેખકનું અપમૃત્યુ થયું છે એ વિશે શંકાને સ્થાન નથી. પરંતુ આ હત્યા પાછળ સાઉદી કિંગ તરફથી કોઈ ઈશારો હોવાની પાકેપાયે શંકા જતી હોવા છતાં એના પુરાવા મળવા મુશ્કેલ છે. અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચેના વર્ષો જૂના વેપારી સંબંધો અને મૈત્રી હોવા છતાં અમેરિકન પ્રમુખે આ બાબત ખૂબ ગંભીરતાથી લઈ સાઉદી કિંગ પાસેથી આ અંગેની માહિતી માગી ત્યારે સળંગ વીસ મિનિટ સુધી વાતચીત ચાલી પણ રાજાએ મગનું નામ મરી ન પાડ્યું અને ખગોશીની હત્યા સંદર્ભે પોતાની પાસે કશી માહિતી નહીં હોવાનું ગાણું ગાયા કર્યું. અમેરિકન પ્રમુખને પણ દાળમાં કંઈ કાળું હોવાની શંકા તો પડી જ છે. એમના આગ્રહને વશ થઈ સાઉદી કિંગ સલમાને તુર્કીની ગુપ્તચર એજન્સીઓ સાથે સંયુક્ત તપાસ પ્રક્રિયા હાથ ધરી છે. પત્રકારો અને લેખકો સત્તાથી પ્રભાવિત થયા વગર સત્ય હકીકતો પ્રકાશમાં આણતા હોઈ જીવનું જોખમ ખેડતા રહે છે. એમાં પણ સાઉદી અરબ જેવા સેખ સામ્રાજયને લોકશાહી સાથે તો સ્નાનસૂતકનો સંબંધ ન હોય, તેલની અઢળક કમાણી પર તાગડધિન્ના કરતા ખાડીના દેશોની અમેરિકા જેવી મહાસત્તાની પણ શેહ ભરવી પડે છે. પરંતુ વિશ્વના શ્રેષ્ઠ લોકશાહી તરીકેની ઊંચેરી ઈમેજ અકબંધ રાખવા ઘણીવાર એને પારકી પંચાત કરવી પડે છે. સાઉદી શેખ પાસેતી ખશોગી વિશેની માહિતી મેળવવાની નૈતિક જવાબદારી ઉપરાંત ચોથી જાગીરની રખેવાળીની જવાબદારી પણ સ્વાભાવિક રીતે જ અમેરિકાના શિરે આવી પડી છે. વળી ખશોગી સાઉદી અરેબિયાની સરકારની સતત ટીકા કરતા રહ્યા છે અને તુર્કીના ઈસ્તંબુલની સાઉદી અરેબિયાની એલચી કચેરીમાંથી ગુમ થયા છે. આથી એમની હત્યા થઈ છે તે નક્કી થઈ શક્યું નથી. આખી ઘટના રહસ્યમય કોકડું બની ચૂકી છે, જેનો તાગ મેળવવા ટ્રમ્પ વહીવટીતંત્ર કૃતસંકલ્પ છે. આવી ઘટના પર ઢાંક પિછોડો ઓઢાડી દેવા કોઈ 'ગુંડાગર્દી કરનારા હત્યારા' આમાં સામેલ હોઈ શકે એવી થિયરી પણ વહેલી મૂકી દેવાઈ છે. તેમ છતાં, ઘટનાની તલસ્પર્શી તપાસ પછી જ સત્ય બહાર આવી શકશે. અત્યારે તો શંકાની સોય સાઉદી કિંગ સલમાન તરફ જ તકાયેલી છે, ભલે એમની સીધી સંડોવણી હોવાના મુદ્દે અમેરિકન પ્રમુખને મોઢું બંધ રાખવું પડતું હોય, ટ્રમ્પે સાઉદી અરેબિયા જઈ વધુ વિગતો મેળવવા એમના વિદેશમંત્રીને રવાના કરી દીધા છે. ભારતમાં તો બૌદ્ધિકોની હત્યા એ ડાબા હાથનો ખેલ છે અને સાઉદી અરેબિયાની જેમ ભારત અમેરિકાનું ખંડિયું રાજય નથી, એટલે આવી ઘટનાઓ વિશે અમેરિકા કોઈ કોમેન્ટ કરવાનું સાહસ કરતું નથી. એને ભારત સાથે ફક્ત વ્યાપારી સંબંધો વિકસાવવામાં જ રસ છે.

શું ચકલીને બીજી પાંખ આવી?

નવાં કલેવર
નટવર હેડાઉ

આધુનિક કુટુંબમાં ઉછરેલા નાનકડો દીકરો યશ. તેની પાસે વીડિયોગેમ, સ્વચાલિત રોબોટ, છોટા ભીમ, મોટું પતલુ, સ્પાઈડરમેન જેવાં રમકડાં તો હતાં જ તેના સૂઝ અને કપડાં પછી બ્રાન્ડેડ કંપનીનાં એવાં હોય કે જે ને જોઈ તેના મિત્રો ઈર્ષ્યા કરતા. યશ અંગ્રેજી માધ્યમથી ખુબ જાણીતા ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણતો હતો. તેને સ્કૂલે આવવા જવા માટે કાર હતી. તેને ભૌતિક સુખની કોઈ ખામી રમકડાં અને ઘરની મોંઘીદાટ ચીજોની તોડફોડ કરતો. કયારેક બંગલાના બગીચામાં આવેલ ઝાડ નીચે સુમસામ બેસી રહેતો. કોઈએ તેના તરફ જોઈએ તેટલું ધ્યાન કે પ્રેમ આપ્યો ન હતો. તેના મમ્મી પપ્પા સર્વીસ અને બિઝનેશમાં ગળાડૂબ રહ્યાં હતા. દાદાજી સવારમાં મોર્નિંગ વોક કરવા જતા રહેતા. પછી ચ્હા નાસ્તો કરી ન્યુઝપેપર અને ટી.વી. જોવામાં સમય વિતાવતા. દાદીમાં ને તેમની ભજન મંડળીનું ઘેલું લાગેલું હતું.

યશનું જો કોઈ ધ્યાન રાખતું હોય તો તે ઘરનો એક નોકર હતો. તે તેને નવડાવી ધોવડાવી તૈયાર કરી સ્કૂલ બસમાં બેસાડી દેતો. તેની દરેક જરૂરિયાતોનું તે ધ્યાન રાખતો. કેમ કે તે માટે તેને વેતન મળતું હતું.

આઠ વર્ષની ઉંમરે તેને એક રેસીડેન્સીયલ સ્કૂલમાં મુકી દેવામાં આવ્યો. જે તેના ઘરની ઘણી દૂર હતી. સ્કૂલમાં કડક શિસ્તના નિયમો હતા. ત્યાંથી કયાંક બહાર જવા મળતું ન હતું. તેમાં પણ દરેક બાળક અઠવાડિયે માત્ર એકવાર તેના નિશ્ચિત સમયે અને દિવસે ફોન પર ઘેર વાત કરી શકે તેવી વ્યવસ્થા હતી.

યશનો આજ પહેલો ટેલિફોન આવવાનો હતો. મમ્મીએ કહ્યું કે અત્યારે આ સમયે મારે કલબની મિટીંગ છે. યશ સાથે ફોન પર વાત કોણ કરશે ? સૌએ પોતપોતાની વિવશતા વ્યક્ત કરી. ફોન આવે ત્યારે કોઈ પણ ઘેર હાજર રહી શકે તેમ ન હતું. છેવટે આ જવાબદારી નોકરના કાન પર આવી પડી. તેણે ફોન પર યશ સાથે વાત કરવી એવું નક્કી થયું.

બીજે દિવસે અનાયાસે આખું કુટુંબ એક જગ્યાએ એકત્ર થયેલું. નોકરને બોલાવીને પૂછ્યું કે યશે શું કહ્યું ?

'તેણે કહ્યું હશે કે મમ્મી આઈ લવ યુ' યશની આધુનિક માતાએ કહ્યું.

'ના... ના તેણે કહ્યું હશે કે પપ્પા સાથે વાત કરાવો.' તેના કરતાં પણ આધુનિક મહાનુભાવ બોલ્યા.

'તેણે ભાઈ.... ભાઈ... કહ્યું હશે.'

ના... તેણે જરૂર દીદીને તો યાદ કરી જ હશે.' તેની સિસ્ટર બોલી.

'અરે, તે દાદા-દાદીને કઈ રીતે ભૂલી શકે.'

છેવટે નોકરે કહ્યું, 'તેણે એક જ વાત પુછી હતી. મેં કહ્યું તો તે ઉદાસ થઈ ગયો અને ઓહ ! એટલું કહી તેણે ફોન મુકી દીધો.'

'તેણે શું પુછેલું ?'

'તેણે પુછેલું કે જયારે હું ઘેર હતો ત્યારે આપણા બગીચામાં સામેના ઝાડ પર એક ચકલી આવતી તેની એક પાંખ તૂટી ગયેલી. શું તેને બીજી પાંખ આવી ગઈ ? શું હવે તે બરાબર ઉડી શકે છે.'

આ સાંભળી બધાના ચહેરા પડી ગયા. તેના પપ્પા બબડ્યા. 'સલીમ અલીનો બેટો' અને બધાં આમ તેમ જતાં રહ્યાં.

જૂના અંગત મિત્રોને ખોળી કાઢીને મળવાનો આનંદ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

વ્યકિત પોતાનો અભ્યાસકાળ પુરો કર્યા પછી પોતાના વ્યવસાય અને સંસારમાં ગળાડૂબ થઈ જતી હોય છે. પોતાના કેટલાક સામાજીક બંધનો, કૌટુંબિક જવાબદારીઓ અને વ્યવસાયિક વ્યસ્તતાને કારણે વ્યકિત પોતાના શાળા-કોલેજ કે બાળપણના મિત્રોથી દૂર થઈ જતી હોય છે. તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓ તો મિત્રોથી ભૌગોલિક અંતરે દૂર ના હોય છતાં સ્ત્રી તરીકેની કેટલીક મર્યાદાઓને કારણે પોતાના જુના મિત્રોનાં સંપર્કમાં રહી શકતી નથી.

પોતાનાં અંગત મિત્રો, તેમનાં ચહેરાઓ, તેઓની સાથે અભ્યાસકાળ દરમ્યાન વિતાવેલી સુખ દુઃખની ક્ષણો, તેઓની સાથે કરેલા તોફાનો અને નિર્દોષ રીતે માણેલી મોજ-મજાનાં દ્રશ્યો ચલચિત્રની જેમ સ્ત્રીનાં સ્મૃતિપટમાંથી સતત પસાર થતા રહેતા હોય છે. એ મિત્રો ભલે સંપર્કમાં ના હોય, એ મિત્રો ભલે ભૌગોલિક રીતે દૂર હોય, છતાં એ મિત્રોની છબીઓ સ્મૃતિપટ કે માનસપટમાંથી કયારેય ભૂંસાતી નથી.એ મિત્રોને ફરી પાછા ના મળી શકવાને કારણે એ મિત્રો સાથે સંપર્કમાં ના રહી શકવાને કારણે વેદનાની એક ટીસ સતત નિકળતી રહેતી હોય છે. જે ટીસ કદાચ પોતાના સિવાય કોઈ સાંભળતુ હોતુ નથી કયારેક તો સ્ત્રી પોતે જ પોતાની એ ટીસ સાંભળી શકતી નથી.

પેલી સ્ત્રીએ પોતાનાં જુના મિત્રોનો સંપર્ક કર્યો તે પહેલા તેના મનમાં કેટલીક આશંકાઓ હતી કે મિત્રોને પોતાનું નામ યાદ હશે કે નહી, મિત્રોની સ્મૃતિમાં પોતાનું સ્થાન હશે કે નહિ, મિત્ર મળી જાય તો પોતાને ઓળખશે કે નહિ, ઓળખશે તો વર્ષો પહેલા જે ઉમળકો હતો એવો જ ઉમળકો બતાવશે કે નહીં, પોતાની સાથે એ મિત્રો ખુલ્લીને વાત કરશે કે નહી. આ પ્રકારની બધી જ આશંકાઓ સાથે પોતે જ્યારે મિત્રોને મળી ત્યારે પોતાની બધી જ આશંકાઓ દૂર થઈ ગઈ. ઊલટાનું પોતાના સાનંદાશ્ચર્ય સાથે એવું જાણવામાં આવ્યું કે તેનાં મિત્રોના મનમાં પણ એ સ્ત્રી જેવી જ આશંકાઓ હતી. તેઓ પણ વર્ષોથી પોતાના જુના મિત્રોને મળવા માટે આતુર અને વ્યાકુળ હતા. તેઓ પણ પોતાના જુના મિત્રો સાથે કેટલીક ક્ષણો ફરી પાછી જીવી લઈને પોતાના ભૂતકાળને ફરી પાછો જીવંત કરવા ઈચ્છતા હતા.

દરેક વ્યકિતને પોતાના બાળપણના, શાળા અને કોલેજ જીવનનાં મિત્રો હોય છે અને એ અંગત મિત્રો સાથે ફરી એક વખત થોડી ક્ષણો જીવવાની ઈચ્છા થતી હોય છે. પણ દરેક વ્યકિતના નસીબમાં એ સુખ નથી હોતું. કદાચ કોઈના નસીબમાં હોય તો જૂના મિત્રોને ખોળવા અને મળવા માટે પેલી સ્ત્રીએ જે પ્રયત્નો કર્યા એવા પ્રયત્ન દરેક વ્યકિત નથી કરી શકતી. વ્યકિત જો સાચા દિલથી સન્નિષ્ઠા પ્રયત્ન કરે તો સો ટકા સફળ થતા હોય છે.

આપણે સૌ જાણીએ છીએ કે જુના મિત્રો એંન્ટીક પીસ જેવા હોય છે, જેનું મૂલ્ય જેમ જેમ સમય પસાર થાય તેમ હંમેશા વધતુ જાય છે. જુના મિત્રો ગુમાવવા કોઈ વ્યકિત ને પાલવે નહી. તેઓ એક કિંમતી જણસ જેવા હોય છે જેનુ મૂલ્ય ક્યારેય આંકી શકાતું નથી.

જેવી રીતે જુનો દારૂ, જૂના જુતા, જૂના જીન્સ, જુની ટ્યુન્સ (સંગીતની તર્જ) કયારેય જર્જરીત થતા નથી એવી જ રીતે જુના મિત્રો સાથે વિતાવેલા સમયની સ્મૃતિઓ પણ ક્યારેય જર્જરીત થતી નથી. જુના દારૂનો નશો કંઈક ઓર જ હોય છે, ઉત્તમ જ હોય છે એવી જ રીતે જૂના મિત્રો સાથે સમય વિતાવવાનો નશો પણ કંઈક ઓર જ હોય છે. એ નશામાં વ્યકિત એકવાર ડૂબી જાય પછી દુનિયાનાં તમામ સુખો તેને ક્ષુલ્લક લાગવા માંડે છે.

જુના અને સાચા મિત્રો એક કિતાબ જેવા હોય છે. કિતાબ ગમે એટલી જુની થાય તેના અલફાઝ કયારેય બદલાતા નથી જ્યારે પણ યાદ આવે અને ઈચ્છા થાય ત્યારે તેના પાનાંઓ પલટીને જોઈ શકીએ છીએ, વાંચી શકીએ છીએ. એ કિતાબના આલ્ફાઝ, અક્ષરો અને શબ્દો જેવા હોય તેવા જ કાયમ રહે છે, એ ક્યારેય બદલાતા નથી.

પેલી સ્ત્રીના પતિનું જયારે અવસાન થયું ત્યારે તેને એક સ્વભાવિક લાગણી થઈ હતી કે પોતે પોતાના જીવનનુ બધું જ ખોઈ બેઠી છે. અલબત તેના રામ-લક્ષ્મણ જેવા દિકરાઓનું પીઠબળ હતું, એક સધિયારો હતો છતાં પોતાનો પતિ જે પોતાના એક મિત્ર જેવો પણ હતો તે મિત્ર ખોઈ બેઠી હતી. સદનસીબે કેટલાક જુના મિત્રો તેમા પણ સખીઓ મળી ગઈ તેને કારણે થોડી રાહત થઈ કારણ કે જૂના મિત્રો વર્ષો પછી મળતાં હોય તો પણ તેઓની સાથે દિલ ખોલીને હૈયાવરાળ કાઢી શકાય છે. જીવનમાં કરેલી કેટલીક મૂર્ખામીઓ અને ભૂલોનો એકરાર કરી શકાય છે. તેઓ ઉપર ભરોસો રાખીને અંગત પ્રશ્નોની ચર્ચા કરી શકાય છે. એ સ્ત્રીની એક બે સખીઓ એવી હતી જેના ખભે માથું રાખીને એ સ્ત્રી બે આંસુ પાડી શકે એમ હતી. કોઈપણ વ્યકિત માટે સાચુકલા મિત્રનો ખભો એવો હોય છે જેનો સહારો જો મળી જાય તો બીજા કોઈ ખભાની જરૂર નથી પડતી.

વર્તમાન સમયમાં સોસિયલ મિડીયા અને કોમ્યુનિકેશનની જે પ્રકારની સવલતો ઉપલબ્ધ છે તેમાં જૂના મિત્રોને શોધી કાઢવાનું કામ અઘરું કે મુશ્કેલ નથી. ખૂબ જ સહેલાઈથી જુના મિત્રોને ખોળી કાઢી શકાય છે સિવાય કે કેટલાક એવા મિત્રો હોય જે સોસિયલ મિડીયા સાથે બિલકુલ રીતે જોડાયેલા ના હોય. આમ છતાં જૂના મિત્રોને ખોળીને, તેમના માટે સમય કાઢીને, તેઓના સમયની અનૂકૂળતા જોઈને, તેઓને મળવુ એ કાર્ય માત્ર અઘરુ જ નહિ પણ એક સાહસનુ કાર્ય તો છે જ. એ સાહસ કર્યા પછી જો સફળતા મળે તો એ એક સિધ્ધી પણ છે. બધાં જ લોકો આ પ્રકારના સાહસ કરી શકતા નથી અને સાહસ કરે તો બધા સફળ પણ થઈ શકતા નથી.

જુના મિત્રોને ભલે ખોળી ના શકીએ, ભલે મળી ના શકીએ, તેઓની સાથે કેટલીક ક્ષણો જીવંત ના કરી શકીએ તો પણ કેટલાક અંગત મિત્રોની સ્મૃતિઓને તો જીવનભર સાચવી શકીએ. એ મિત્રોનું આપણા હૃદયમા એક સ્થાન તો બનાવી જ શકીએ. જૂના મિત્રોની સ્મૃતિઓ જ્યાં સુધી આપણાં મનમાં સચવાઈ રહેશે, જ્યાં સુધી એ મિત્રો આપણા હદયમાં જીવતા રહેશે ત્યાં સુધી આપણે સુખની લાગણીની ભીનાશમા સતત ભીંજાતા રહેશું. આપણે જો આપણા અભ્યાસકાળ દરમ્યાન મિત્રો સાથે જીવેલી ક્ષણો ફરી પછી જીવી શકે તો એ ક્ષણો ધન્ય બની જતી હોય છે. જીવનમાં મિત્રો નહીં, મિત્રો જ જિંદગી છે.

ઉદારતા

ઉદારતા કર્ણની. ઉદારતા સુદામાની. ઉદારતા ઉદ્ધવની.

Be approximately satisfied,
with approximate happiness...
the only thing on earth uchich is
beyond doubt and clear is unhappiness
- Turgnev

જગતમાં સતત સુખ કોઈને મળ્યું નથી. પણ ઉદારતા રાખનાર વ્યક્તિને આંતરિક સુખ ભારોભાર મળે છે. ઉદાર લોકો ઉદાર હાથે ફાળો, દાન આપતા હોય છે. જેમને ભામાશાનું બિરુદ આપવામાં આવ્યું એવા કળિયુગના દાનવીન દીપચંદભાઈ ગાર્ડી રોજનું લાખો

થોટ
નટવર આહલપરા

રૂપિયાનું દાન કરતા હતા.

આજે વૃદ્ધાશ્રમોમાં વૃદ્ધ વડીલ માતાઓ અને પિતાઓને ઉદાર દિલે પ્લેનમાં બેસાડી ચાર ધામની યાત્રા કરાવનારા દાતાઓ છે. વૃદ્ધાશ્રમમાં જઈ વડીલો પાસે બેસનારા, સાંભળનારા અને ભાવથી ભોજન કરાવનાર ઓછા નથી, જેમને પોતાનાં માતાપિતાની સેવા નસીબમાં નથી મળી તેવા સજ્જનો - સન્નારીઓ વૃદ્ધાશ્રમમાં કે મંદબુદ્ધિવાળા બાળકોની શાળામાં જઈ સેવાનો યજ્ઞ કરે છે.

કેટલાંય ઉદાર લોકો થેલામાં રોટલા, રોટલી ભરી સાઈકલના હેન્ડલ ઉપર ટિંગાડી કૂતરાને ખવડાવવા નીકળી પડે છે. અનેક સદાવ્રતોમાં ગરીબ ગુરબાને બે ટંકનું ભોજન આપનારાની ઉદારતાને જેટલા વંદન કરીએ તેટલાં ઓછા છે. જેનું મન મોટું હોય, દિલ દિલાવર હોય એવા ઉદાર દિલ લોકોનાં તો ફકીર જેવા હોય છે. તેની ઉદારતા દિન-પ્રતિદિન વધતી જાય છે.

'મી ટુ' થી નારી વર્ગની વેદના ને એક વાચા મળી

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

તમે હું અને આપણે એકઠા થઈ જઈએ તો સમાજ બને છે બધાનો ઉમંગ વધે તો ઉત્સવનું કારણ પણ જડે છે તથા બધાની પીડા વધે તો હોબાળા ને જગ્યા મળી જતી હોય છે. લાગણીઓનાં પ્રતિબિંબ માટે નક્કર કોઈ અરિસો હોતો નથી પરંતુ સામાજિક વ્યવહાર વાસ્તવમાં તેનું સ્પષ્ટ દર્પણ બનતું હોય છે. ઈતિહાસ સાક્ષી છે કે સહીઓથી ભારત જેવા પુરુષ પ્રધાન રાષ્ટ્રોમાં મહિલા પરત્વેનાં વ્યવહારો અને સંબંધોમાં ઘણો જ જાણ્યે - અજાણ્યે યા પરંપરાગત અન્યાય શોષણ કે ઉત્પીડન થતું જ આવ્યું છે ! નાના ભૂલકાઓ ના હાથમાં મોબાઈલ આવ્યો ના હતો તે સમયે ઘરમાં દાદા કે વડીલ રાત્રે બાળકને સૂતા પહેલાં રાજા-રાણીની વાર્તા કહેતા, પંચતંત્રની ઉપદેશાત્મક વાતો કહેતા મહાભારતની વાતો કહેતા ત્યારે જિજ્ઞાસાવશ ભૂલકા ખુબ રસપૂર્વક એ સાંભળતા સાંભળતા નિંદામાં પોઢી જતા. દાદાજીની વાર્તા વગર ઘરની દિવાલો પણ હતાશ થઈ જતી એ સમયની જ કલામ હતી. આજે સ્થિતિ અત્યંત પ્રથમ દૃષ્ટિએ ઉમદા હોવા છતાં એ હકીકતમાં પુષ્કળ હાનિકારક થઈ છે. ડિજિટલ દુનિયા જેટલી તીવ્ર, પ્રકાશમાન અને પ્રભાવક લાગે છે તેના કરતા તેના ઉપયોગમાં અનુશાસન નહીં હોવાની એ પીડાનું કારણ બની છે. મોબાઈલ ધારક વધે તો તેના ઉત્પાદકો કમાય છે અને નેટવર્ક પુરું પાડતી બધી કંપનીઓ કમાય છે છતાં તેના યુઝર્સ / સમાજ બહુ જ વેડફાઈ રહ્યા છે કેમ કે નેટ નું વ્યસન સામાજિક પતન બાજુ તીવ્ર ગતિથી લઈ જાય છે!! ઉમદા ચીજોનો ખરાબ હેતુ માટે કેમ ઉપયોગ કરવો એ બધાની શોધ થઈ જાય પછી સુખનું સ્ટેશન આવતા વર્ષો લાગી જાય છે. નેટ આધારિક જે કંઈ ચાલે છે તેમાં લોકો આનંદ શોધવા મથે છે.

ભારત વર્ષમાં ઝડપથી દુષ્કર્મો વધતા જ જાય છે. બધી જ જગ્યાએ નારીને માત્ર ઉપયોગની ચીજ તરીકે જોવાની જાણે એક લત પડી ચુકી છે. નવરાત્રીની આરાધના એટલે શક્તિ સ્વરુપા નારીની પરત્વે સમર્પણ કરવાની પવિત્ર આરાધના જે કોઈ પણ સ્વરુપે સર્વદા મહાન છે સમાજ આ પર્વ વખતે જ જો સ્વચ્છંદી બને તો કોઈ 'મા' કદી રાજી થાય જ નહીં. નારીના ગુણગાન ગાતા ગાતા તેનું શોષણ વિચારવું કે કરવું એ પાપ ઉપરાંત એ સામાજિક પતન છે. હાલમાં # મી ટુ ની ઝુંબેશ શરૂ થઈ છે જેનાથી સમગ્ર પાડવાની તાકાત ઊભી થઈ છે આના લીધે સામાન્ય રીતે કદી પણ પ્રકાશમાં ના આવતી વાતો વિશે જાહેરમાં વ્યક્ત કરવાની તક ઊભી થતાં જ પુષ્કળ વાતો જગજાહેર થઈ છે. મૂળ તો અમેરિકામાં ૨૦૦૬માં આ # મી ટુ મુવમેન્ટ ચાલુ થઈ હતી. એક નવું પ્લેટફોર્મ મળતા આ મુવમેન્ટમાં જેની સાથે જાતિય દુર્વ્યવહાર થયો કે રેપ થયો એ બધા બહાર આવવા લાગ્યા છે! જાહેર સ્થળો, નોકરીનાં સ્થળો, કામની જગ્યાએ પર ઘણા આ પ્રકારનાં બનાવો વર્ષોથી થતાં રહ્યાં છે જે હવે ઉજાગર થઈ રહ્યા છે. ભારતમાં બોલીવુડથી શરૂ થયેલા આ મુવમેન્ટ ઝડપથી આગની જેમ પ્રસરી રહી છે. દસ સેલિબ્રિટીઓ જેમના પર યૌનશોષણ, વિવેક અગ્નિહોત્રી, વિકાસ બહલ, વરુણ ગ્રોવર, ઉત્સવ ચકવર્તી, ચેતન ભગત, રજત કપૂર તથા કૈલાસ ખેર જેવા નામો છે. જોબ કરતી કુલ મહિલાઓ પૈકી પચાસ ટકા આ પ્રકારની હરકતોનો ભોગ બનતી હોય છે. મહિલા ગમે તે પદ કે હોદ્દા પર કેમ નથી પરંતુ એ સતામણીનો શિકાર થાય જ છે પણ સામાજિક ડર કે ઈજ્જત જવાના ભયને લીધે તે વ્યક્ત થઈ શકતું નથી પરંતુ # મી ટુ મુવમેન્ટનો આધાર મળ્યો કે ઘણી બધી વાતો વિશ્વ સમક્ષ આવી છે. એમ. જે. અકબર જેવી વ્યક્તિ ઉપર તો પુષ્કળ નારી વર્ગની વાચા બહાર આવવા હૃદયને પણ ઝટકો લાગ્યો જાણે કે મહિલા શોષણમાં કોઈ બાકાત રહ્યાં નથી.

મહિલા વર્ગને અભિવ્યક્તિની એક નવી આઝાદી હવે મળતા ઘણું છાનું છપનું જે કંઈ થતું રહ્યું હતું એ બહાર આવી રહ્યું છે. નારી શોષણ રોકવાના ઘણા કાનૂન બનાવવામાં આવ્યા છે. તેને સમીક્ષા કરીને સુધારવામાં પમ આવ્યા છે છતાં શોષણ અટકતું નથી એ જ મુખ્ય ચિંતાનો વિષય છે. સર્વે મુજબ બોંત્તેર ટકા મહિલાઓ ફરિયાદ કરવાનું ટાળતી હોય છે. ચોપન ટકા નારી વર્ગ સતામણી કરનારાઓ સાથે સંઘર્ષમાં પણ ઉતરતી નથી. કુલ જોવા જઈએ તો આ પેચિદા મુદ્દે નારી વાસ્તવમાં પીડા લઈને જીવતી રહે છે. અથવા સ્વયં તો નાશ કરી બેસે છે. આપણે દંભી સમાજમાં ટોચ ઉપર છીએ અને સત્વને ત્યજી દઈ અન્યાય કરતા જ રહીએ છીએ તેથી મહિલા દાક્ષિણ્ય તદ્દન મરી પરવાર્યું છે. મહિલા ઉપર આધિપત્ય જમાવવાથી જ મહિલાના થઈ જવાનું નથી એ કડવું સત્ય હજી સમજાયું નથી તો બીજી તરફ શિક્ષીત નારી વર્ગને મર્યાદાઓમાં રહીને જીવતા શીખવું જ પડશે. અન્યથા આંસુઓ ખાળી શકાય તેમ નથી. નારી વર્ગને અગ્રતા આપતાની ઉમદા ચેષ્ઠા પાછળ પણ અંતે એ પારિવારિક સુખને ભસ્મ કરી જ શકે છે ત